# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

**આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.**

***************************************************

1) ભારત-ક્રોએશિયાએ ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર સંધિ સહિતનાં મુદ્દે વ્યાપક મંત્રણા કરી

2) ચાર રાજ્યોમાં પાંચ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ, રાજ્યની કડી તેમજ વિસાવદર બેઠક પર મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન.

3) ઇઝરાયેલે ઈરાનના પરમાણુ રિએક્ટર પર હુમલો કર્યો, ઇરાને ઇઝરાયેલની હોસ્પિટલ અને બે નગરને નિશાન બનાવ્યા

4) ભારત સરકારે ઓપરેશન સિંધુના ભાગરૂપે ઇઝરાયેલમાંથી ભારતીય નાગરિકોને સલામત સ્વદેશ લાવવા વિશેષ યોજના બનાવી

5) આવતીકાલથી ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી શરૂ થશે

....................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM CROATIA VISIT

ભારત અને ક્રોએશિયાએ લાંબા સમયથી પડતર ભારત-યુરોપિયન યુનિયન મુક્ત વેપાર સમજૂતી-FTA પર ચર્ચા કરી હતી. ક્રોએશિયાએ -FTA ના વહેલા નિષ્કર્ષ માટે તેના મજબૂત સમર્થનનો પુનરોચ્ચાર કર્યો છે.

આજે ક્રોએશિયા, કેનેડા અને સાયપ્રસની સફળ મુલાકાત પૂર્ણ કર્યા બાદ નવી દિલ્હી પરત ફરેલા પ્રધાનમંત્રી મોદીએ ઝાગરેબમાં ક્રોએશિયાના પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેન્કોવિક સાથે પ્રતિનિધિમંડળ સ્તરની મુલાકાત કરી હતી.

બંને નેતાઓ એ મુદ્દે પણ સંમત થયા હતા કે આ સમજૂતી વેપાર, રોકાણ અને ટેકનોલોજી સહયોગ માટે નવા માર્ગો ખોલશે. ભારતે યુરોપિયન યુનિયનના માળખામાં ક્રોએશિયાના સતત સમર્થનની પ્રશંસા કરી હતી.

તેમણે વૈશ્વિક શાંતિ, લોકશાહી મૂલ્યો અને સહયોગ વધારવા માટે તેમની સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. બંને દેશોએ કૃષિ, સાંસ્કૃતિક આદાનપ્રદાન, વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં ચાર સમજૂતિપત્રો પર હસ્તાક્ષર કર્યા હતા અને ઝાગરેબમાં હિન્દીના આઇસીસીઆર ચેરની સ્થાપના કરી હતી.

. . . . . . . . . . . . . . .

# PM- BIHAR ODISHA ANDHRA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બિહાર, ઓડિશા અને આંધ્રપ્રદેશની બે દિવસની મુલાકાતે જશે. પ્રધાનમંત્રી આવતીકાલે બિહારનાં સિવાનમાં અનેક વિકાસલક્ષી પરિયોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે. તેમની ઓડિશાની મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી 18 હજાર 600 કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

21મી જૂને પ્રધાનમંત્રી આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરશે. તેઓ વિશાખાપટ્ટનમના દરિયાકિનારે કોમન યોગ પ્રોટોકોલ સત્રમાં લગભગ પાંચ લાખ સહભાગીઓ સાથે ભાગ લેશે. દેશભરમાં ત્રણ લાખ પચાસ હજારથી વધુ સ્થળોએ એક સાથે યોગ સંગમ કાર્યક્રમો યોજવામાં આવશે.

. . . . . . . . . . . . . . . .

# ASSEMBLY BYPOLLS

આજે ચાર રાજ્યોમાં પાંચ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ. સાંજનાં પાંચ વાગ્યા સુધીમાં ગુજરાતની કડી બેઠક પર 54.49 ટકા, વિસાવદર બેઠક પર 54.61, કેરળની નિલાંબર બેઠક પર 70.76 ટકા, પંજાબની લુધિયાણા બેઠક પર 49 ટકા અને પશ્ચિમ બંગાળની કાલીગંજ બેઠક પર 70 ટકા મતદાન નોંધાયું હતું.

તમામ બેઠકો પર સોમવારે મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . . . . . .

# JUAL ORAM- SICKLE CELL ANEMIA,

આજે વિશ્વ સિકલ સેલ એનિમિયા દિવસ ઉજવાયો,કેન્દ્રીય આદિવાસી બાબતોના મંત્રી જુએલ ઓરામે જણાવ્યું હતું કે, સરકાર આદિવાસી સમુદાયોમાં જોવા મળતા સિકલ સેલ એનિમિયાને નાબૂદ કરવા માટે કામ કરી રહી છે આકાશવાણી સમાચાર સાથેની એક વિશેષ મુલાકાતમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આદિવાસી સમુદાયોમાં સિકલ સેલ એનિમિયા વિશે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

(BYTE- **Jual Oram** )

. . . . . . . . . . . . . . . .

# IRAN-ISRAEL WAR

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સંઘર્ષ સાતમા દિવસમાં પ્રવેશી ગયો છે. ઈરાની મિસાઈલોએ મધ્ય અને દક્ષિણ ઈઝરાયેલમાં અનેક સ્થળોએ ગંભીર નુકસાન પહોંચાડ્યું છે, જ્યારે ઇઝરાયેલે ઈરાનના અરાકમાં ખોંડાબ પરમાણુ રિએક્ટર પર હુમલો કર્યો છે.

ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો છે કે બે પ્રક્ષેપાસ્ત્ર સુવિધા નજીકના વિસ્તારમાં અથડાયા છે.

ઈરાને મિસાઈલો દ્વારા દક્ષિણ ઇઝરાયલની એક હોસ્પિટલ અને તેલ અવીવ નજીકના બે નગરો પર હૂમલો કર્યો હતો.સોરોકા હોસ્પિટલના ડાયરેક્ટર જનરલ શ્લોમી કોડેશે જણાવ્યું હતું કે હોસ્પિટલની ઇમારતોને વ્યાપક નુકસાન થયું છે. દરમિયાન, ઈરાને જણાવ્યું છે કે હોસ્પિટલમાં થયેલા મિસાઈલ હુમલાનું મુખ્ય લક્ષ્ય નજીકના સૈન્ય અને ગુપ્તચર મથક હતું, તબીબી સુવિધા નહીં.

તાજેતરના ઈરાન તેલ અવીવ સ્ટોક એક્સચેન્જની ઇમારત પણ સામેલ છે, જેમાં 137 લોકો ઘાયલ થયા છે. ઈરાનમાં 12 કલાક કરતા વધુ સમય સુધી ઇન્ટરનેટ બંધ રહ્યું હતું.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# YOGA DAY-ACROSS COUNTRY

સંસ્કૃતિ મંત્રાલય 21મી જૂને દેશભરમાં પ્રવાસન આધારિત 100 પ્રતિષ્ઠિત સ્થળો અને 50 વધુ સાંસ્કૃતિક સ્થળો પર યોગ સત્રોનું આયોજન કરીને 11મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરશે.

દરમિયાન, સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત રાજસ્થાનના જોધપુરમાં ઐતિહાસિક મેહરાનગઢ કિલ્લામાં યોજાનારા યોગ કાર્યક્રમમાં ભાગ લેશે. જે પ્રતિકાત્મક સ્થળોએ યોગ કાર્યક્રમ યોજાશે તેમાં ગુજરાતનાં રાણી કી વાવ અને ધોળાવીરા, કર્ણાટકના હમ્પી અને પત્તાડાકલ, મધ્યપ્રદેશમાં ખજુરાહો અને સાંચી સ્તુપ, ઓડિશાના કોણાર્કમાં સૂર્યમંદિર, મહારાષ્ટ્રમાં એલિફન્ટા ગુફા અને તામિલનાડના થાંજાવુરમાં બ્રિહદિસ્વરા મંદિરનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . .

# SL-YOGA DAY

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની સીમાચિહ્નરૂપ ઉજવણીમાં, શ્રીલંકાએ આજે 117 આયુર્વેદ સંસ્થાઓમાં સમન્વયિત યોગ કાર્યક્રમ યોજાયો, જે દેશના અત્યાર સુધીના સૌથી વ્યાપક યોગ કાર્યક્રમોમાંનો એક છે.

ભારતીય હાઇ કમિશનની સાંસ્કૃતિક શાખા સ્વામી વિવેકાનંદ કલ્ચર સેન્ટર દ્વારા શ્રીલંકાના આયુર્વેદ વિભાગનાં સહયોગમાં આયોજિત આ પહેલમાં 113 આયુર્વેદ હોસ્પિટલો અને ચાર યુનિવર્સિટીઓએ ભાગ લીધો હતો.

એક મહિનાનાં યોગ ઉજવણી અભિયાનનાં ભાગ રૂપે આ કાર્યક્રમ યોજાયો હતો. ટાપુ રાષ્ટ્રમાં આ પ્રથમ વાર આયુર્વેદ અને યોગ સમુદાય વચ્ચે મોટા પાયે જોડાણ થયું છે.

21 જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અને 22મી જૂને પણ દેશમાં અનેક સ્થળોએ યોગ કાર્યક્રમો યોજાશે.

. . . . . . . . . . . . . . .

# IRAN INDIAN CITIZENS

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને પગલે ભારત સરકારે ઓપરેશન સિંધુના ભાગરૂપે ઇઝરાયેલમાંથી ભારતીય નાગરિકોને સલામત સ્વદેશ લાવવાનો નિર્ણય લીધો છે.

આજે એક નિવેદનમાં વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ઇઝરાયલ છોડવા ઈચ્છતા ભારતીય નાગરિકોને જમીન સરહદો દ્વારા અને ત્યારબાદ હવાઈ માર્ગે ભારત આવવાની સુવિધા આપવામાં આવશે.

તેલ અવીવમાં ભારતીય દૂતાવાસમાં ચોવીસ કલાક ચાલતો નિયંત્રણ કક્ષ સ્થાપિત કરવામાં આવ્યો છે. ભારતીય નાગરિકો + 972 54-7520711 અને + 972 54-3278392 પર દૂતાવાસનો સંપર્ક કરી શકે છે અથવા cons1.telaviv@mea.gov.in પર ઇમેઇલ કરી શકે છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે તેલ અવીવમાં ભારતીય દૂતાવાસ સ્થળાંતરની વ્યવસ્થા કરશે

નવી દિલ્હીમાં માધ્યમો સાથે વાત કરતા વિદેશ રાજ્યમંત્રી કીર્તિવર્ધન સિંહે આ અંગે માહિતી આપી.

(BYTE -- KIRTIVARDHAN SINH)

. . . . . . . . . . . . . . .

# KAILASH MANSAROVAR YATRA SIKKIM

આવતી કાલથી શરૂ થઈ રહેલી કૈલાશ માનસરોવર યાત્રા માટે તમામ તૈયારીઓ કરવામાં આવી છે. રાજ્યપાલ ઓમપ્રકાશ માથુર આવતી કાલે નાથુલા પાસ ખાતે યાત્રાને લીલી ઝંડી બતાવી રવાના કરશે. 36 યાત્રીઓની પ્રથમ બેચ અને વિદેશ મંત્રાલયના બે અધિકારીઓ આવતી કાલથી યાત્રા શરૂ કરશે. કૈલાશ માનસરોવર યાત્રા 5 વર્ષનાં ગાળા પછી શરૂ થઈ રહી છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, દરેક બેચને યાત્રા પૂર્ણ કરવામાં 10થી 11 દિવસ લાગશે. આ વર્ષે કુલ 10 બેચ નાથુ લા માર્ગ દ્વારા કૈલાશ માનસરોવર યાત્રા માટે જશે.

. . . . . . . . . . . . . . .

# INDIA- ENGLAND TEST

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી આવતીકાલથી શરૂ થશે. પ્રથમ મેચ લીડ્ઝના હેડિંગલી ક્રિકેટ ગ્રાઉન્ડમાં રમાશે. વિરાટ કોહલી અને રોહિત શર્માની ટેસ્ટ નિવૃત્તિ બાદ શુબમન ગિલની આગેવાનીમાં ઇંગ્લેન્ડ પ્રવાસ ભારતીય ટીમ માટે એક નવો અધ્યાય હશે.

મેચ પહેલા વાઇસ કેપ્ટન રિષભ પંતે કહ્યું હતું કે કેપ્ટન ગિલ સાથે મેદાનની બહાર સારી મિત્રતા આ ટેસ્ટ શ્રેણીમાં મદદરૂપ થશે.

. . . . . . . . . . . . . . .

# STOCK MARKET

ઈરાન અને ઇઝરાયલ વચ્ચે વધતો તણાવ, કાચા તેલના અસ્થિર ભાવ અને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દ્વારા પારસ્પરિક ટેરિફ લદાવાની ચિંતાઓને કારણે ભારતીય શેરબજાર ગુરુવારે નીચા સ્તરે બંધ થયું હતું.

સેન્સેક્સ 83 પોઇન્ટ ઘટીને 81 હજાર 361 પર બંધ થયો હતો. નિફ્ટી 19 પોઈન્ટ ઘટીને 24 હજાર 793 પર સ્થિર થયો હતો. અમેરિકન ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરો 4.25 થી 4.5 ટકા પર યથાવત રાખવાનાં નિર્ણયને પગલે અનિશ્ચિતતા વધી હતી.

મોટાભાગના એશિયન બજારો આજે ઘટ્યા હતા. હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ લગભગ બે ટકા ઘટ્યો હતો. હાલ મુખ્ય યુરોપિયન સૂચકાંકો ઘટાડા સાથે વેપાર કરી છે. ડોલર સામે રૂપિયો 26 પૈસા ઘટીને 86 રૂપિયા અને 73 પૈસા પર બંધ થયો હતો.

. . . . . . . . . . . . . . .